બિન સરકારી અધ્યાપનમંદિરના આચાર્યની
જગ્યા પૂરા પગાર ધોરણથી ભરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક :- ટીસીએમ/૧૪૦૭/૨૨૨૨/ન
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- /૧/૨૦૦૮
7 JAN 2008

વંચાણે લીધા:-
(૧) નાણા વિભાગનો ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/૫૭/ઝ.૧ તા. ૧૬/૨/૨૦૦૬
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:- બમશ/૧૧૦૭/૧૪૨૨/ગ, તા. ૧/૯/૨૦૦૭
(૩) પ્રાથમિક શિક્ષણ નિયામકનો તા. પત્ર ક્ર: ૪૧/શતપતપ/જ/૦૭-૦૮/જ/૫૭૬૬,તા.૨/૫/૦૭

આમુખ:-

રાજય સરકારની વિવિધ સેવાઓમાં પગારના ખર્ચ ઉપર કાપના હેતુથી નવી ભરતીઓ વર્ગ-૩ અને વર્ગ-૪ ની રૂા. ૨૨૫૦ - ૩૨૦૦ થી રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ ના પગાર ધોરણવાળી તમામ સંવર્ગની નિમણૂંકો પાંચ વર્ષના સમયગાળા માટે અજમાયશી તરીકે ફીક્સ વેતનથી જે તે સવર્ગમાં સહાયક તરીકે કરવાનું નાણા વિભાગના વંચાણમાં લીધેલ ઠરાવ અન્વયે ઠરાવવામાં આવેલ છે. નાણાં વિભાગનો સદર ઠરાવ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓને પણ લાગુ પડે છે. રાજય સરકારની કરકસરની સૂચનાઓ ગ્રાન્ટેડ બિન સરકારી અધ્યાપન મંદિરને લાગુ પડે છે. પરંતુ શિક્ષણ વિભાગના વંચાણમાં લીધેલ ઠરાવ અન્વયે બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યા પૂરા પગાર ધોરણથી આચાર્યની જગ્યા ભરવાનું કાયદા વિભાગના તા.૧/૯/૨૦૦૭ ના ઠરાવથી ઠરાવવામાં આવેલ છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનાં આચાર્યનું તેમજ પ્રાથમિક અધ્યાપન મંદિરના આચાર્યનું પગાર ધોરણ રૂા. ૬૫૦૦-૧૦૫૦૦ છે. આમ એક સરખુ પગાર ધોરણ ધરાવતી જગ્યા છે તેમજ આચાર્ય સંસ્થાના વડા તરીકે શૈક્ષણિક અને વહીવટી કામગીરી વહન કરે છે. આચાર્યની જગ્યાના ભરતી નિયમો મુજબ ઉમેદવાર નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદ પાંચ વર્ષનો શિક્ષણનો અથવા નિરીક્ષણનો અનુભવ ધરાવતો હોવો જોઈએ. આથી, આચાર્યની જગ્યા માટે મદદનીશ શિક્ષક સંવર્ગ કે તેમાં સમાવિષ્ટ જગ્યાઓ ઉપર ફરજો બજાવતા ઉમેદવાર જ પસંદગી પાત્ર ઠરે છે. આવા ઉમેદવારો તેમના જે તે સંવર્ગમાં પગાર ધોરણ, ઉચ્ચતર પગાર ધોરણ વગેરે લાભો મેળવતા હોય છે. તેથી આચાર્યની જગ્યાએ ફીક્સ પગારથી કોઈપણ ઉમેદવાર આવવા તૈયાર ન થાય એ સ્વભાવિક છે. જેથી આચાર્યની જગ્યા ખાલી

રહે છે. અને તેની સીધી અસર અધ્યાપન મંદિરના શૈક્ષણિક તથા વહીવટી કાર્ય પર પડે છે. આ બાબત સરકારશ્રીની વિચારણા હતી.

ઠરાવઃ-

બિન સરકારી અધ્યાપન મંદિરના રૂા. ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ ના પગાર ધોરણવાળી આચાર્યની જગ્યા નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ ના ઠરાવમાંથી છુટછાટ આપીને ફીકસ પગારને બદલે રૂા.૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦ ના પુરા પગારમાં ભરવાનું આથી ઠરાવવામાં આવે છે. આચાર્યની ભરતી માટેની અન્ય જોગવાઈઓ વખતોવખત બહાર પાડવામાં આવેલ ઠરાવો તથા સૂચનાઓ મુજબ યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨૧/૧૨/૦૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીશિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,બ્લોક નં.૧૨/૧,ડો.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય,ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (પ્રા.શિ.નિની કચેરી મારફત)
- પ્રમુખશ્રી,ગુજરાત રાજય અધ્યાપન મંદિર આચાર્ય સંઘ(પ્રા.શિ.નિની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ઝ.૧ શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગની તમામ શાખાઓ
- સિલેકટ ફાઈલ.